## રે.દિ.મુ.નં.૨૨/૨૦૨૨

## :: આંક : ૫ ની મનાઈઅરજી લગત હુકમ ::

(૧) સદર કામના વાદીઓએ હાલનો દાવો પ્રતિવાદી વિરુધ્ધ કાયમી મનાઈ હુકમ તથા ડેકલેરેશન મેળવવા કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે, મોજે : મોજે પાડેલા, તા.વિજયનગર, જિ.સાબરકાંઠાની સીમમાં આવેલ બ્લોક / સર્વે નં .૮૪ (જુનો સર્વે /બ્લોક નં.૧૬) ની હે.આરે.ચોમી. ૧–૮૭–૧૩ વાળી જમીનમાં વાદી નં.૧ નો ૧/૩ તથા વાદી નં.૨ નો ૧/૩ માલિકી હિસ્સો કબજો ભોગવટો છે તેમજ બ્લોક / સર્વે નં.૧૧૨ (જુનો સર્વે/બ્લોક નં.૧૩/૧) ની હે.આરે.ચોમી. ૦–૨૭–૨૬ વાળી જમીન વાદીઓની સંયુકત માલિકી કબજા ભોગવટાની છે તેવુ ઠરાવવા તથા આ જમીનમાં વાદીઓનો માલિકી હિસ્સા કબજા ભોગવટો આવેલ હોય તેમાં આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકરો, એજન્ટો, મળતીયાઓ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે કરાવે નહી કે વાદીઓ પાસેથી કબજો છીનવી ન લ ે અને દાવાવાળી જમીનમાં વાદીઓને ખેતી કરી ઉપજ લેતા રોકે રોકાવે નહી કે કોઈપણ પ્રકારે અંતરાય કે અડચણ કરે કરાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.

વાદીએ દાવા અરજી સાથે હાલ અરજી આંક–૫ થી રજુ રાખી માં ગણી કરેલ છે કે, મોજે : મોજે પાડેલા, તા.વિજયનગર, જિ.સાબરકાંઠાની સીમમાં આવેલ બ્લોક / સર્વે નં.૮૪ (જુનો સર્વે /બ્લોક નં.૧૬) ની હે.આરે.ચોમી. ૧ –૮૭–૧૩ વાળી જમીનમાં વાદી નં.૧ નો ૧/૩ તથા વાદી નં.૨ નો ૧/૩ માલિકી હિસ્સો કબજો ભોગવટો છે તેમજ બ્લોક / સર્વે નં.૧૧૨ (જુનો સર્વે/બ્લોક નં.૧૩/૧) ની હે.આરે.ચોમી. ૦–૨૭–૨૬ વાળી જમીન

વાદીઓની સંયુકત માલિકી કબજા ભોગવટાની જમીનમાં વાદીઓનો માલિકી હિસ્સા કબજા ભોગવટો આવેલ હોય તેમાં આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકરો, એજન્ટો, મળતીયાઓ ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે કરાવે નહી કે વાદીઓ પાસેથી કબજો છીનવી ન લે અને દાવાવાળી જમીનમાં વાદીઓને ખેતી કરી ઉપજ લેતા રોકે રોકાવે નહી કે કોઈપણ પ્રકારે અંતરાય કે અડચણ કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા દાદ માંગેલ છે.

**(૨).** વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના પ્રતિવાદીઓ મર્હુમ કાળાજી લાલાજી ડામોરના વંશજ હોય તેઓને બે પત્નીઓ હતી જેમાં નાનીબેન થકી ચાર સંતાનો હતા જેમાંથી સૌથી મોટો પુત્ર થાવરાજી કાળાજી ડામોર તથા નાનો નવલજી કાળાજી ડામોર તથા તેનાથી નાના વાદી નં.૧ તથા તેનાથી નાના વાદી નં.ર છે. આ કામના પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.૧ નવલજી કાળાજીના પત્ની છે તથા નં.ર થી ૫ તેઓના સંતાનો છે. મર્હુમ કાળાજી લાલાજી ડામોરે સૌથી મોટા પુત્ર થાવરાજી કાળાજી ડામોરને ખેતીની જમીન વસાવી આપેલ. તેઓ અલગ રહેતા હતા અને બાકીના સંતાનો પૈકી મર્હુમ નવલજી કાળાજી તથા વાદીઓ તથા તેઓના પિતા કાળાજી લાલાજી ડામોર સંયુકત કુટું બમાં રહેતા હતા. વાદીઓના પિતાએ તેઓની હયાતીમાં ખેતીની જમીનો વસાવેલી તે વખતે આ કામના પ્રતિવાદી નં.ર થી ૫ ના પિતા અને નં.૧ ના પતિ નવલજી મોટા અને પુખ્ત વયના હોય તેઓના નામે જમીનો વસાવેલી અને તેઓના એકલા નામે રેકર્ડ ઉપર ચાલી આવેલ, પરંતુ આ જમીનોમાં વાદીઓ સંયુકત રીતે વાવેતર કરતા હતા અને હજી પણ વાવેતર કરે છે. ત્યાર બાદ મોજે પાડેલા, તા.વિજયનગરની સીમમાં આવેલ જમીનો જેના ખાતા નં.૧૫ પૈકીની જુના સર્વે નં .૧૩(૧), ૧૬ તથા ૧૭ પૈકીની જમીનો વાદીઓ પુખ્ત વયના થતા

મૌખિક સમજુતીથી વહેંચણી થયેલ. જેમાં સર્વે નં.૧૭ પૈકી ૫ વાળી જમીન નવલજી કાળાજીના હિસ્સામાં ગયેલ અને સર્વે નં.૧૩(૧) જેનો નવો સર્વે નં.૧૧૨ છે તે વાદીના હિસ્સામાં આવેલ અને જુનો સર્વે નં.૧૬ જેનો નવો સર્વે નં.૮૪ છે તે જમીન સંયુકત રાખવામાં આવેલ. ઉપરોકત દાવાવાળી જમીન પૈકી સર્વે નં .૮૪ વાળી જમીનમાં વાદીઓ તથા પ્રતિવાદીઓ નં.૨ થી ૫ ના પિતા સંયુકત રીતે વાવેતર કરતા હતા. તેમાં સને ૧૯૮૪ માં વાદીઓ પોત પોતાના હિસ્સામાંની જમીનમાં મકાન બનાવેલ અને વાદી નં.૨ નાઓ સૌથી નાના હોય મર્હુમ કાળાજી ડામોર સાથે રહેતા હતા. આ મકાનમાં વાદી નં.૨ ના નામનું વીજ કનેકશન આવેલ છે. મકાનનો વેરો પણ ભરતા આવેલ છે અને સર્વે નં.૮૪ ની જમીનમાં વાદી નં.૧ ના હિસ્સામાં આવેલ જમીનમાં વાદી નં.૧ નાએ મકાન બનાવેલ છે, વેરો ભરે છે અને વીજ કનેકશન ધરાવે છે. આમ, દાવાવાળી જમીનોમાં વાદીઓ વાવેતર કરી ઉપજ લેતા આવેલ છે અને વાદીઓએ તેઓના મોટા ભાઈ નવલજી ઉપર ભરોસો રાખી રેવન્યુ રેકર્ડે તેઓના નામ દાખલ કરાવેલ નહી અને પિતાની હયાતીમાં કરાવેલ મૌખિક સમજુતીથી જમીનમાં વાવેતર કરી ઉપજ લેતા આવેલ, પરંતુ પિતાના અવસાન બાદ વાદીઓએ તેઓના નામ રેવન્યુ રેકર્ડે દાખલ કરવા અરજી આપતા તેઓની સામે ડામોર નવલાજી કાળાજીએ વાંધો લીધેલ. જેથી વાદીઓની અરજી ગ્રાહય રાખેલ નહી. ત્યાર બાદ સમાજના આગેવાનોએ સમાધાન કરતા નવલાજીએ વાદીઓના હિસ્સા મુજબ રેકર્ડમાં નામ દાખલ કરવા ખાત્રી આપેલ, પરંતુ નામ દાખલ કરેલ નહી. ત્યાર બાદ તેઓનું અવસાન થતા પ્રતિવાદીઓને નામ દાખલ કરવા સમજાવતા તેઓ ધમકી આપતા હોય જેથી તેઓ વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં અરજી આપેલ જેથી તેઓ ઉશ્કેરાઈ ગયેલા અને તકરાર કરેલી. આમ દાવાવાળી જમીનમાં મૌખિક સમજૂતી પ્ર

માણે વાદીઓનો કબજો ભોગવટો આવેલ છે અને આ જમીનમાં પ્રતિવાદીઓનો કોઈ લાગ ભાગ, હકક, હિસ્સો નથી, છતાં પ્રતિવાદીઓનો દાવાવાળી જમીનમાં નામ ચાલતું હોય તેનો ગેરલાભ ઉઠાવી દાવાવાળી જમીનમાંથી વાદીઓનો કબજો બળજબરીથી છીનવી લેવા પ્રયત્ન કરતા હોય જેથી વાદીઓએ હાલનો દાવો કરેલ છે.

(૩). વાદીની દાવા અરજી તથા હાલની અરજી અંગે પ્રતિવાદીઓને સમન્સ–નોટીસ કરતાં પ્રતિવાદીઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ છે, તથા આંક–૩૦ થી લેખિત વાંધા–જવાબ રજુ રાખેલ છે તથા વાદીઓની દાવા અરજી તથા મનાઈ અરજીની મહદઅંશે તમામ હકીકતોનો ઈન્કાર કરી એવું જણાવેલ છે કે, આ કામના વાદીઓનો દાવાવાળી જમીનમાં કોઈ હકક, હિત, હિસ્સો નથી અને તેઓ ધ્વારા વાદીના પિતા કાળાજી લાલાજીનું તા.૨૫/૫/૧૯૯૨ ના રોજ અવસાન થવાથી સદરહુ દાવાવાળી જમીનમાં વારસદાર તરીકે નામ દાખલ કરેલ. જે અરજી નામંજુર કરવામાં આવેલ અને સર્વે નં .૧૩/૧, ૧૬, ૧૭ પૈકી ૫ વાળી જમીન ડામોર નવલાજી કાળાજીના સ્વતંત્ર ખાતે મુળ ભોગવટાથી નવીન અને અવિભાજય શરતે ચાલે છે. આમ, વાદીની દાવા અરજી ખોટી અને ઉપજાવી કાઢેલ હોય અને તેઓ વાદગ્રસ્ત જમીનોના મુળ માલિકના વારસદારો ન હોવા છતાં ખોટી હકીકતે નામદાર કોર્ટમાં ચોખ્ખા હાથે ન આવી, સાચી હકીકત છુપાવી દાવો દાખલ કરેલ હોય દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૪). વાદી પક્ષ તર્ફે હાલના કામે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

**<u>વાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :</u>**

| અ.નં. | વિગત | નિશાની |
|---|---|---|
| ૧. | ગામ નમુના નં.૮–અ નો ઉતારો | નિ.૩/૧ |
| ૨. | બ્લોક / સર્વે નં.૧૧૨ નો ગામ નમુના નં.૭ ની નકલ | નિ.૩/૨ |
| ૩. | બ્લોક / સર્વે નં.૮૪ નો ગામ નમુના નં.૭ ની નકલ | નિ.૩/૩ |
| ૪. | બ્લોક / સર્વે નં.૯૭ નો ગામ નમુના નં.૭ ની નકલ | નિ.૩/૪ |
| ૫. | ગ્રામ પંચાયત નવા ગામનો દાખલો | નિ.૩/૫ |
| ૬. | ઘરવેરાની પહોંચની નકલ | નિ.૩/૬ |
| ૭. | વીજ બીલની નકલ | નિ.૩/૭ |
| ૮. | એફ.આઈ.આર. ની નકલ | નિ.૩/૮ |

**<u>પ્રતિવાદી પક્ષનો દસ્તાવેજી પુરાવો :</u>**

| અ.નં. | વિગત | નિશાની |
|---|---|---|
| ૧. | નોંધ નં.૧૫ ની નકલ | નિ.૩૧/૧ |
| ૨. | નોંધ નં.૨૫૯ ની નકલ | નિ.૩૧/૨ |
| ૩. | ૧૩૫ ડી ની નોટીસ | નિ.૩૧/૩ |
| ૪. | ૧૩૫ ડી ની નોટીસ | નિ.૩૧/૪ |
| ૫. | મે. મામલતદારશ્રીના હુકમની નકલ | નિ.૩૧/૫ |
| ૬. | વાંધા અરજીની કોપી | નિ.૩૧/૬ |
| ૭. | નોંધ નં.૩૧૩ ની નકલ | નિ.૩૧/૭ |

(૫). વાદી પક્ષ તથા પ્રતિવાદી પક્ષ તર્ફે વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો સાંભળી.

(૬). પક્ષકારો તર્ફે રજુ થયેલ પક્ષ નિવેદનો, લેખિત દસ્તાવેજો તથા દલીલો ધ્યાને લીધેલ છે.

(૭). વચગાળાનો મનાઈ હુકમએ એક સમન્યાયી દાદ છે. વચગાળાનો મનાઈ હુકમ મેળવવા વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવો પડે, તથા સગવડતા તથા અગવડતાની સમતુલા વાદીની તર્ફેણમાં છે, તે પુરવાર કરવુ પડે તથા જો વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો, વાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જશે તે હકીકત પુરવાર કરવી પડે. મનાઈ હુકમ માંગનારે વિના વિલંબે તથા મહત્વની હકીકતો છુપાવ્યા વગર સ્વચ્છ હાથે આવવુ જોઈએ. આમ, સદરહુ સિધ્ધાંતો નજર સમક્ષ રાખી હાલની અરજીએ પરિપ્રેક્ષ્યમાં કેટલા અંશે આવે છે, તે જોઈશું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે, આ તબકકે આ કોર્ટ ધ્વારા માત્ર દરમ્યાન કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીનો નિર્ણય કરવા જઈ રહયા હોઈ, ત્યારે નામ. સર્વોચ્ચ અદાલતે Maria Margarida sequeria V/s. Erasmo Jack de sequeria Dt.21/03/2012, Civil Application No. 2968 of 2012 નાં કેસમાં ઠરાવેલ સિધ્ધાંતો મુજબ દરમ્યાન મનાઈ હુકમ અંગેની અરજી અંગે મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ, પ્રથમ દર્શનીય કેસ, નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન અને સગવડતા અગવડતાનું પલડું ઉપર નિર્ણય કરવાની હોય છે. આ ત્રણ મર્યાદિત મુદ્દાઓ કોર્ટે આ અરજીના નિર્ણય માટે ચકાસવાના રહે છે.

(૮). હવે દાવો લાવનાર વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ, તે ચકાસીએ તો વાદીએ પોતાની દાવા અરજીમાં એવી હકીકત જણાવેલ છે કે, દાવાવાળી જમીનમાં તેઓનો કબજો આવેલ છે તથા દાવાવાળી જમીનમાં તેઓનો હકક, હિત, હિસ્સો સમાયેલ છે.

જયારે પ્રતિવાદી તરફે રજુઆત છે કે, દાવાવાળી જમીન તેઓના વડીલ નવલાજી કાળાજીને અવિભાજય નવી શરતની જમીન મળેલ હતી

અને તેઓ ગુજરી જતા દાવાવાળી બંને જમીનો વારસાઈથી પ્રતિવાદીઓના નામે તથા ખાતે ચાલી આવેલ છે. જે સંદર્ભે હાલના કામે પ્રતિવાદી તરફે રજુ નિ.૩૧/૧ વાળો દસ્તાવેજ ધ્યાને લેતાં તે દાવાવાળી જમીનની ગામ નમુના નં.૬ ના નોંધ નં.૧૫ ની નકલ જણાઈ આવે છે. જે મુજબ દાવાવાળી બંને જમીનો મુળ ભોગવટાથી નવા કરારે ડામોર નવલા કાળાના નામે દાખલ થયેલાનું જણાઈ આવે છે. વધુમાં નિ.૩/૧, નિ.૩/૨, નિ.૩/૩ વાળા રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતાં દાવાવાળી જમીનો પ્રતિવાદીઓના નામે ચાલી આવેલ હોવાની હકીકત પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. વધુમાં વાદીઓ તરફે રજુઆત છે કે, દાવાવાળી જમીનમાં વહેંચણી થતાં દાવાવાળી જમીનમાં તેઓનો હકક, હિત, હિસ્સો આવેલ છે. જે હકીકત સંદર્ભે વાદીઓનો દાવાવાળી જમીનમાં કોઈ હકક, હિત, હિસ્સો આવેલ હોય તેવો કોઈ પ્રથમ દર્શનીય આધાર પુરાવો રેકર્ડ જોતાં જણાઈ આવતો નથી. આમ, દાવાવાળી જમીન પ્રતિવાદીઓના વડીલને મુળ ભોગવટાથી નવા કરારે અવિભાજય શરતે મળેલ હોય અને તેઓના ગુજરી ગયા બાદ દાવાવાળી જમીનમાં રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓના નામો દાખલ થયેલ હોય તેમજ વાદીઓની દાવાવાળી જમીનમાં કોઈ હકક, હિત, હિસ્સો આવેલ હોય તે દર્શાવતો કોઈ પ્રથમ દર્શનીય આધાર પુરાવો આ તબકકે વાદીઓ તરફે રજુ રાખવામાં આવેલ ના હોય તે સંજોગોમાં દાવાવાળી મિલ્કતનો કબજો વાદીઓ પાસે છે તથા દાવાવાળી જમીન વાદીઓના હકક, હિત, હિસ્સે આવેલ છે તે દર્શાવતો કોઈ પ્રથમ દર્શનીય આધાર પુરાવો હાલના કામે રજુ રાખવામાં આવેલ ન હોય, આ તબકકે વાદીઓની તરફેણમાં કોઈ પણ જાતનો હુકમ કરવો સલામતીભર્યુ જણાઈ આવતુ ન હોય, અને જો વાદીઓની તરફેણમાં કોઈ હુકમ કરવામાં આવે, તો પ્રતિવાદીઓને વધુ અગવડતાનો સામનો કરવો પડે તેમ હોય અને પ્રતિવાદીઓનાં દિવાની હકકોને નુકશાન જાય તેમ હોય, જેથી વાદીઓનો પ્રથમ દર્શનિય કેસ હોવાનું જણાઈ આવતુ ન હોય અને સગવડતા,

અગવડતાનું પલ્લુ પણ વાદીઓની તરફેણમાં ન હોવાનું માનવામાં આવે છે અને જેથી વાદીઓને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે, તેવુ નુકશાન જાય તેમ જણાઈ આવતુ ન હોય, જેથી ઉપરોકત તમામ આવશ્યક તત્વો વાદીઓની તરફેણમાં નથી તેવું અત્રેની અદાલતને માનવું છે.

ઉપરોકત ચર્ચા અનુસાર મનાઈહુકમ મેળવવા અંગેના કોઈપણ આવશ્યક તત્વો વાદીઓની તરફેણમાં ન હોવાનું માની હાલની અરજી પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

૧. વાદીઓની હાલની આંક-૫ ની અરજી આથી '' નામંજૂર '' યાને '' રદ્દ'' કરવામાં આવે છે.

૨. ખર્ચ દાવાનાં આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજ તા.૨૦ મી, માહે માર્ચ, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૦/૦૩/૨૦૨૫
મુ.વિજયનગર

**(મોહમદ સરફરાઝ અબ્દુલકાદર શેખ)**
પ્રિન્સિપાલ સીવીલ જજ, વિજયનગર
(જજ કોડ નં. જીજે૦૧૬૨૮)

//A.B.K.//